શોર્ટસરકિટથી લાગેલી આગને ફાયર બ્રિગેડે ગણતરીની મિનિટોમાં આગ પર કાબુ મેળવ્યો

# ગોલ્ડન ચોકડી પાસે શ્રી સંગમ રોડલાઈન્સમાં ભીષણ આગ

## સદનસીબે જાનહાનિ ટળી, 5 લાખનું નુકસાન : લાખોના ટાયરો બળીને ખાખ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.3

વડોદરા શહેરમાં દિન-પ્રતિદિન આગજનીના બનાવોમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે, ત્યારે આજે વધુ એક આગની ઘટનાએ તંત્રમાં દોડધામ મચાવી હતી. શહેરની ગોલ્ડન ચોકડી નજીક આવેલી જાણીતી શ્રી સંગમ રોડલાઈન્સમાં અચાનક શોર્ટ સર્કિટને કારણે ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, ગોલ્ડન ચોકડી નજીક આવેલા શ્રી સંગમ રોડલાઈન્સમાં જુના અને નવા ટાયરો મોટી સંખ્યામાં પડ્યા હતા. જ્યાં ઉપરથી પસાર થતા ઈલેક્ટ્રીક વાયરમાં અચાનક શોર્ટ સર્કિટ થતા તણખા ટાયરો પર પડ્યા હતા અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ટાયરો હોવાના કારણે આગ ઝડપથી પ્રસરી ગઈ હતી અને કાળા ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી જોવા મળ્યા હતા. બનાવની જાણ થતા જ આસપાસના



લોકોમાં નાસભાગ મચી ગઈ હતી અને તાત્કાલિક ફાયર બ્રિગેડ અને પોલીસને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતા જ ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. સમયસર ફાયર બ્રિગેડ પહોંચી જતા મોટી દુર્ઘટના ટળી હતી. આ અંગે રોડલાઈન્સના માલિક શર્મા પ્રમોદ કુમારે જણાવ્યું હતું કે, હું છેલ્લા 40 વર્ષથી પણ વધુ સમયથી શ્રી સંગમ રોડલાઈન્સનો વ્યવસાય કરું છું. અહીં યાર્ડમાં જુના અને નવા ટાયરો રાખેલા હતા. ઉપરથી પસાર થતા વાયરમાં શોર્ટ સર્કિટ થવાથી આગ લાગી હતી. આ ઘટનામાં આશરે 5 લાખ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે. સદનસીબે ઘટના સમયે કોઈ હાજર ન હોવાથી જાનહાનિ ટળી હતી. આગ લાગતા જ અમે તરત જ પોલીસ અને ફાયર બ્રિગેડને જાણ કરી દીધી હતી.

મોપેડ માલિકનો ગુજસીટોકના આરોપીઓ સામે ગંભીર આરોપ

# વારસિયામાં મોપેડ સળગાવ્યાનો આક્ષેપ,જૂની અદાવતે બદલો લીધો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.3

વડોદરા શહેરના વારસિયા વિસ્તારમાં મધરાતે પાર્ક કરેલી ટુ-વ્હીલરમાં ભીષણ આગ લાગતા ચકચાર મચી હતી. જોકે, આ બનાવને લઈને મોપેડ માલિકે આગ લાગી નથી પણ લગાડવામાં આવી છે તેવો ગંભીર આક્ષેપ કર્યો છે. વડોદરાના સત્યમ એપાર્ટમેન્ટ જૂની આર.ટી.ઓ ઓફિસ પાસે રહેતા મિલનકુમાર રાજુભાઈ તોલાણી (ઉ.વ.28)એ વારસિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ તેમના મિત્ર હેમંત રાવલની માલિકીની TVS જ્યુપીટર 125 મોપેડ તેઓ વાપરતા હતા. ગઈકાલે રાત્રે દોઢ વાગ્યે ઘર બહાર પાર્ક કરી સૂઈ ગયા બાદ રાત્રે સાડા ત્રણ વાગ્યે માતા ભાવનાબેનને બળવાની વાસ આવતા ઘટનાની જાણ થઈ હતી. જોતજોતામાં મોપેડ સંપૂર્ણ બળીને



ખાખ થઈ ગઈ હતી, જેમાં આશરે 80 હજારનું નુકસાન થયું છે. આ બનાવ અંગે મોપેડ માલિક મિલન તોલાનીએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, આ આગ લાગી નથી, લગાડવામાં આવી છે. આ કૃત્ય ગુજસીટોકના આરોપી યશ ચાવડા, રોહિત મારવાડી અને ભોલું નામના ઈસમે કર્યું છે. વધુમાં તેમણે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, આ ત્રણેય ઈસમો ગાંજો-ચરસ પીએ છે અને ખુલ્લેઆમ દારૂનો ધંધો પણ કરે છે. જેની તેની સાથે જાણી જોઈને ઝઘડા કરે છે. મારી સાથે પણ અગાઉ ઘણી વખત ઝઘડો થયો છે અને ખોટું કર્યું છે. મારી ગાડી પણ તેમણે જ સળગાવી દીધી છે. હાલ આ મામલે વારસિયા પોલીસે જાણવા જોગ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

ફાયર બ્રિગેડ પહોંચે તે પહેલાં સ્થાનિકોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો

# હાથીખાના પાસે વખારમાં શોર્ટ સર્કિટ થતાં ગાદલાની દુકાન પણ આગની ચપેટમાં

( પ્રતિનિધિ ) વડોદરા,તા.3

વડોદરા શહેરના હાથીખાના પાછળના ભાગે તુલસીવાડી નજીક આવેલી લાકડા-ભંગારની એક વખારમાં શોર્ટ સર્કિટને કારણે અચાનક આગ ભભૂકી ઉઠતા અફરાતફરી મચી ગઈ હતી. લાકડું અને ભંગાર હોવાના કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને તેની બાજુમાં જ આવેલી એક ગાદલાની દુકાનમાં પણ આગ પ્રસરી ગઈ હતી, જેના કારણે ગાદલાની દુકાનમાં પણ ભારે નુકસાન થયું હતું. હાથીખાના પાછળના ભાગે તુલસીવાડી નજીક આવેલી લાકડા-ભંગારની એક વખારમાં શોર્ટ સર્કિટને કારણે અચાનક આગ લાગી હતી. બનાવની જાણ થતા જ આસપાસના સ્થાનિક લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે એકત્ર થઈ ગયા હતા. લોકોએ તાત્કાલિક



સૂઝબૂઝ દાખવી ફાયર બ્રિગેડની રાહ જોયા વગર જાતે જ પાણીનો મારો ચલાવવાનું શરૂ કર્યું હતું. સ્થાનિકોના અથાગ પ્રયત્નોના કારણે ફાયર બ્રિગેડના જવાનો સ્થળ પર પહોંચે તે પહેલા જ આગ પર મોટા ભાગે કાબુ મેળવી લેવામાં આવ્યો હતો, જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી. બીજી તરફ આગની ઘટના બાદ સ્થાનિક લોકોમાં રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકોએ ફાયર બ્રિગેડ મોડી પહોંચી હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. જો સમયસર ફાયર બ્રિગેડ પહોંચી હોત તો નુકસાન ઓછું થાત તેવી લાગણી લોકોએ વ્યક્ત કરી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

સપ્લાય ચેઈન ખોરવાતા ખાનગી કંપનીનું મોટું પગલું

# નાયરા એનર્જીનો પેટ્રોલમાં ૫ અને ડીઝલમાં રૂ.૩નો વધારો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩

વૈશ્વિક સ્તરે વધી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવ અને ઉર્જા સંકટની સીધી અસર હવે ભારતીય ગ્રાહકોના ખિસ્સા પર વર્તાવા લાગી છે, જેના ભાગરૂપે દેશની અગ્રણી ખાનગી ઈંધણ રિટેલર કંપની નાયરા એનર્જી દ્વારા ઈંધણના ભાવમાં તોતિંગ વધારો કરવામાં આવ્યો છે. નાયરા દ્વારા હાઈ સ્પીડ ડીઝલમાં પ્રતિ લીટર ૩ રૂપિયા અને પેટ્રોલમાં પ્રતિ લીટર ૫ રૂપિયાનો વધારો શનિવારે સવારે ૬ વાગ્યાથી સમગ્ર દેશમાં અમલમાં આવી ગયો છે, જોકે રાહતની વાત એ છે કે હજુ સુધી અન્ય કોઈ સરકારી કે ખાનગી ઓઈલ કંપનીએ ભાવમાં વધારો કર્યો નથી. આ આકસ્મિક ભાવવધારાને કારણે વડોદરા શહેરમાં હવે નાયરાનું હાઈ સ્પીડ ડીઝલ ૧૦૦.૫૧ રૂપિયા પ્રતિ લીટર અને પેટ્રોલ ૧૦૬.૭૦ રૂપિયા પ્રતિ લીટરના ભાવે મળશે.આ વૈશ્વિક ઉર્જા કટોકટી પાછળ મુખ્ય કારણોસર ઈરાન-અમેરિકા વચ્ચે ચાલી રહેલું યુદ્ધ છે, જેના કારણે છેલ્લા કેટલાક અઠવાડિયામાં ભારતમાં પણ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ધીમે ધીમે વધારો થયો છે. મહત્વપૂર્ણ સ્ટ્રેટ ઓફ હોર્મુઝ દરિયાઈ માર્ગ લગભગ બંધ હોવાના કારણે ઈંધણની સપ્લાય ગંભીર રીતે અટવાઈ ગઈ છે, અને તે સિવાય અમેરિકા દ્વારા ઈરાનની ઉર્જા ફેસિલિટીઝ પર સતત હુમલાઓ કરવામાં આવી રહ્યા છે જેના કારણે વૈશ્વિક બજારમાં ઈંધણનો પુરવઠો સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે.નાયરા એનર્જી ભારતની બીજી સૌથી મોટી ખાનગી ક્ષેત્રની ઓઈલ રિફાઈનરી અને રિટેલ નેટવર્ક કંપની છે, જેના દેશભરમાં ૬,૫૦૦થી વધુ પેટ્રોલ પંપ એટલે કે રિટેલ આઉટલેટ્સ આવેલા છે. કંપનીના આ રાષ્ટ્રવ્યાપી નેટવર્ક પર નવા દરો લાગુ થવાથી લાખો વાહનચાલકો અને ગ્રાહકોને આર્થિક ફટકો પડ્યો છે.

નો એન્ટ્રી હોવા છતાં ઘૂસી આવ્યું ટેન્કર, મહિલાના પગ પર વ્હીલ ફરી વળ્યું

# ભીમનાથ બ્રિજ ત્રણ રસ્તા પાસે ટેન્કરે બાઈકને અડફેટે લીધુ

**દંપતી ગંભીર** રીતે ઘાયલ : રાવપુરા પોલીસે ચાલકની અટકાયત કરી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.3

વડોદરા શહેરના જેલરોડ ભીમનાથ બ્રિજ ત્રણ રસ્તા પાસે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવી રહેલા એક ટેન્કરે બાઈક પર સવાર આધેડ દંપતીને અડફેટે લેતા બંને ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માત બાદ સ્થળ પર લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. પ્રાપ્ત વિગતો મુજબ, સૈયદ વાસણા રોડ દેવનગરમાં રહેતા માનાભાઈ બારીયા તેમના પત્ની ચંચળબેનને લઈ બાઈક પર સયાજી હોસ્પિટલ આવી રહ્યા હતા. માનાભાઈની સયાજી હોસ્પિટલમાં લીવરની સારવાર ચાલી



રહી છે અને તેઓ નિયમિત સારવાર માટે આવતા હતા. દરમિયાન ભીમનાથ બ્રિજ ત્રણ રસ્તા પાસે પાછળથી આવી રહેલા ટેન્કરે તેમની બાઈકને અડફેટે લીધી હતી. અકસ્માતમાં ચંચળબેનના જમણા પગ ઉપર ટેન્કરનું આગળનું વ્હીલ ફરી વળ્યું હતું, જેના કારણે તેમના પગના ફુરચા થઈ ગયા હતા અને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બંને ઘાયલ દંપતીને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, સવારે 9 વાગ્યા પછી શહેરમાં ભારે વાહનો માટે નો એન્ટ્રી હોય છે, છતાં આ ટેન્કર શહેરમાં ઘૂસી આવ્યું હતું અને અકસ્માત સર્જ્યો હતો. ઘટનાની જાણ થતા જ રાવપુરા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને ટેન્કર ચાલકની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સાપને વન વિભાગને સોંપાયો

# MSUના બાયોકેમિસ્ટ્રીની વખારમાં ધામણ સાપ ઘૂસતા અફરાતફરી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.3

વડોદરા શહેરની એમ.એસ. યુનિવર્સિટીના બાયોકેમિસ્ટ્રી વિભાગના ગોડાઉનમાં આજે બપોરે અચાનક પાંચથી છ ફૂટ લાંબો ધામણ સાપ ઘૂસી આવતા કર્મચારીઓ અને મજૂરોમાં ભારે દોડધામ મચી ગઈ હતી. પ્રાપ્ત વિગતો મુજબ, ગોડાઉનમાં સાપ દેખાયાની જાણ વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટના પ્રેસિડન્ટ અરવિંદ પવારને કરવામાં આવી હતી. કોલ મળતા જ તેમણે તાત્કાલિક સંસ્થાના સક્રિય કાર્યકર હાર્દિક પવારને સ્થળ પર મોકલ્યા હતા. હાર્દિક પવારે સ્થળ પર પહોંચી એક કલાકની ભારે જહેમત બાદ અંદાજે પાંચથી છ ફૂટ લાંબા ધામણ સાપનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું. સાપ પકડાતા જ ત્યાં હાજર કર્મચારીઓ અને મજૂરોએ રાહતનો શ્વાસ લીધો હતો. સ્ટાફે હાર્દિકભાઈનો આભાર વ્યક્ત કર્યો હતો. રેસ્ક્યુ કરાયેલા સાપને વડોદરા વન વિભાગને સોંપવામાં આવ્યો હતો.



# નટવરનગર ગામની સીમમાં સાપે યુવતીને ડંખ માર્યો

વડોદરા : સાવલી તાલુકાના નટવરનગર ગામની સીમમાં ખેતરમાંથી ઘરે પરત ફરી રહેલા ખેતમજૂરને રસ્તામાં સાપે ડં ખ મારતાં ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાયા હતા. ગોત્રી જનરલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત થતાં પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી હતી. બનાવ અંગે ભાદરવા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. નટવરનગર ગામની સીમમાં મામાદેવ તળાવ નજીક ખેતરમાં રહેતા રાજેન્દ્રસિંહ વાલજીભાઈ મહીડા તા.2 ઓક્ટોબરની રાત્રે આશરે 10.30 વાગ્યે પોતાના ખેતરમાં વાવેલા ડાંગરના પાકની દેખરેખ માટે ગયા હતા. પાકની તપાસ કર્યા બાદ તેઓ પગપાળા ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે અંધારામાં અચાનક સાપે તેમના પગમાં ડંખ માર્યો હતો. સાપના ડંખ બાદ તબિયત લથડતાં પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક સારવાર માટે વડોદરાની ગોત્રી જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

હનુમાન ટેકરી વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય

# શહેરના વોર્ડ નં. ૧૬માં પ્લાસ્ટિકના કચરાથી સ્થાનિકોમાં રોષ: પાલિકા તંત્ર સામે સવાલો

**પ્લાસ્ટિક** વેપારીઓ સામે દંડાત્મક કાર્યવાહીની માગણી

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ બનાવવા માટે મોટા-મોટા બેનરો અને ડિજિટલ સ્ક્રીનો દ્વારા જાગૃતિના બણગા ફેંકવામાં આવી રહ્યા છે, પરંતુ વાસ્તવિકતા કંઈક જુદી જ છે. શહેરના વોર્ડ નંબર ૧૬ હેઠળ આવતા સોમા તળાવ અને દૂધિયા તળાવ નજીકના હનુમાન ટેકરી વિસ્તારમાં હાલ પ્લાસ્ટિક અને કચરાના અંબાર ખડકાતાં સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ, હનુમાન ટેકરી વિસ્તારમાં રહેણાંક મકાનોની અંદર જ ૫૦થી ૧૦૦ જેટલા લોકો પ્લાસ્ટિકનો વેપાર કરી રહ્યા છે. આ વેપારીઓ દ્વારા પ્રોસેસ કર્યા બાદ વધેલો ઈન્ડસ્ટ્રિયલ પ્લાસ્ટિકનો કચરો જાહેર માર્ગો અને ખુલ્લા સ્થળો પર ઠાલવી દેવામાં આવે છે. જાહેર રસ્તા પર જ કચરાના ઢગલા થવાથી રાહદારીઓ અને વાહનચાલકોને ભારે મુશ્કેલી પડી રહી છે. વિસ્તારમાં મહાનગરપાલિકાની 'ડોર-ટુ-ડોર' કચરાની ગાડીઓ નિયમિત આવતી હોવા છતાં, કેટલાક બેદરકાર લોકો અને વેપારીઓ સમયસર ગાડીમાં કચરો આપવાને



બદલે રસ્તા પર ફેંકી દે છે. પાલિકા દ્વારા આવા લોકો કે પ્લાસ્ટિકના વેપારીઓ સામે કોઈ કડક નોટિસ કે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવતી નથી, જેના કારણે ગંદકી ફેલાવનારાઓને મોકળું મેદાન મળી ગયું છે.

સ્થાનિકોનું કહેવું છે કે, માત્ર સ્વચ્છતાના બેનરો લગાવવાથી કે મોટો ખર્ચ કરવાથી શહેર સ્વચ્છ નહીં બને. જ્યાં સુધી જાહેરમાં કચરો નાખનારાઓ સામે દંડ ફટકારવામાં નહીં આવે અને નિયમિત સફાઈ નહીં થાય ત્યાં સુધી સ્થિતિ સુધરશે નહીં. આ ઉપરાંત બિસ્માર રસ્તા અને ડ્રેનેજ લાઈનના પેન્ડિંગ કામો પૂરા કરવાની પણ માંગ કરાઈ છે. સ્થાનિકોએ ચીમકી આપી છે કે જો પાલિકા તંત્ર દ્વારા ગંદકી કરનારા વેપારીઓ સામે ત્વરિત પગલાં લેવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

ફાયર બ્રિગેડે આગ પર કાબુ મેળવ્યો

# આસોજ પાસે ડમ્પર સળગ્યું, જાનહાનિ ટળતા હાશકારો

**આગમાં ડમ્પરને** ભારે નુકસાન થયું, વાહન વ્યવહાર થોડીવાર માટે ખોરવાયો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.3

વડોદરા સાવલી રોડ પર આવેલા આસોજ ગામ પાસે આજે એક ચાલુ ડમ્પરમાં અચાનક આગ ભભૂકી ઉઠતા ભારે દોડધામ મચી ગઈ હતી. ભળભળ બળતા ડમ્પરના પગલે રોડ પર બિહામણા દ્રશ્યો સર્જાયા હતા અને વાહન વ્યવહાર થોડીવાર માટે ખોરવાયો હતો.



પ્રાપ્ત વિગતો મુજબ, સાવલી તરફથી વડોદરા તરફ આવી રહેલા ડમ્પરમાં આસોજ ગામ નજીક અચાનક શોર્ટ સર્કિટ થતા આગ લાગી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ચાલકે સમયસૂચકતા વાપરી ડમ્પર રોડ સાઈડ ઉભું રાખી નીચે ઉતરી જતા જાનહાનિ ટળી હતી. ઘટનાની જાણ થતા જ મંજુસર પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો, જ્યારે પોલીસે ટ્રાફિક વ્યવસ્થા સંભાળી હતી. પ્રાથમિક તપાસમાં આગનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું જાણવા મળી રહ્યું છે. આગમાં ડમ્પરને ભારે નુકસાન થયું છે.

તસ્કરોનો પાણીગેટ, હરણી અને વારસિયામાં તરખાટ

# ઊંઘતા પરિવારના મોબાઈલ-સોનાની બુટ્ટી ઉઠાવી, બે મકાનમાં તાળા તોડી ચોરી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.3

વડોદરા શહેરમાં તસ્કરોએ ચોરીનો સિલસિલો યથાવત રાખ્યો છે. અકોટા-મુંજમહુડા રોડ પર પરિવારના સભ્યો ઊંઘી રહ્યા હતા ત્યારે તસ્કર પાંચ મોબાઈલ અને સોનાની બુટ્ટી ચોરી ગયો હતો. જ્યારે પાણીગેટ વિસ્તારમાં મકાનનો દરવાજો તોડી રૂ.23 હજારની અને વારસિયામાં બંધ મકાનનું નકુચો તોડી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના સહિત રૂ.67 હજારની મત્તા ચોરાઈ હતી. ત્રણેય બનાવ અંગે પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. વડોદરા શહેરમાં ચોરીની ત્રણ અલગ-અલગ ઘટનાઓમાં તસ્કરો કુલ રૂ.2 લાખથી વધુની મત્તા ચોરી ફરાર થઈ ગયા છે. અકોટા-મુંજમહુડા રોડ પર સમન્વય અનંતમ ખાતે નવી બની રહેલી બાંધકામ સાઈટ પર પરિવાર સાથે મજૂરી કરતા મુકેશભાઈ ભરવાડ અને તેમના પરિવારજનો તા.1 ઓક્ટોબરની રાત્રે સાઈટની ખાલી દુકાનોમાં ઊંઘી ગયા હતા.

વહેલી સવારે આશરે ત્રણ વાગ્યે સોનલબેન જાગ્યા ત્યારે કાનમાં પહેરેલી આશરે ત્રણ ગ્રામની સોનાની બુટ્ટી ગાયબ જણાઈ હતી. બાદમાં તપાસ કરતાં પરિવારના પાંચ મોબાઈલ ફોન પણ ગાયબ હોવાનું સામે આવ્યું હતું. તસ્કર પરિવારજનો ઊંઘમાં હતા ત્યારે ચોરીછૂપીથી પ્રવેશી રૂ.1.03 લાખના પાંચ મોબાઈલ અને રૂ.7 હજારની સોનાની બુટ્ટી મળી કુલ રૂ.1.10 લાખની મત્તા ચોરી ગયો હતો. બીજી તરફ પાણીગેટ વિસ્તારમાં નંદનવન સોસાયટીમાં પણ ચોરીનો બનાવ બન્યો હતો. તા.1 ઓક્ટોબરના સવારે 8:30થી બપોરે એક વાગ્યા દરમિયાન અજાણ્યા તસ્કરે મકાનનો લાકડાનો દરવાજો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કર તાંબા-પીતળનું બેડું સેટ, છાસ વલોવવાની તાંબાની ગોળી, સ્ટીલ હાર્ડવેરનો સામાન તથા રોકડ મળી રૂ.23 હજારની મત્તા ચોરી ગયો હતો.

આ અંગે પાણીગેટ પોલીસે ગુનો નોંધી પીએસઆઈ આર.એસ. ભારવાડે તપાસ હાથ ધરી છે. જ્યારે વારસિયા વિસ્તારમાં હરણી રોડની ગાંધીપાર્ક સોસાયટીમાં બંધ મકાનને તસ્કરે નિશાન બનાવ્યું હતું. અજાણ્યા ચોરે મકાનના દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશ કરી લોખંડની તિજોરીનું લોક પણ તોડી નાખ્યું હતું. તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા મૂળ દસ્તાવેજો મળી રૂ.67 હજારની મત્તા ચોરી થઈ હતી. બનાવ અંગે વારસિયા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

સમા-છાણી કેનાલ રોડ પર અકસ્માત સર્જાયો

# ટેન્કરે મોપેડ સવાર યુવતીને અડફેટે લેતા બંને પગમાં ઈજા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩

શહેરમાં બેફામ વાહનચાલકોના કારણે અકસ્માતોની વણઝાર અટકવાનું નામ નથી લઈ રહી. તાજેતરમાં જ સમા-છાણી કેનાલ રોડ પર વધુ એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે, જેમાં પૂરપાટ ઝડપે દોડતા એક ઓઈલ ટેન્કરે મોપેડ પર જઈ રહેલી એક યુવતીને જોરદાર ટક્કર મારી અડફેટે લેતા તેના બંને પગમાં ગંભીર ઈજાઓ પહોંચી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, એક યુવતી પોતાના મોપેડ પર સવાર થઈને પસાર થઈ રહી હતી, તે દરમિયાન પુરપાટ ઝડપે આવી રહેલા એક ઓઈલ ટેન્કરના ચાલકે વાહનને ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે યુવતી મોપેડ સહિત ટેન્કરના ટાયર નીચે આવી ગઈ હતી, જેના કારણે તેના બંને પગ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તે લોહીલુહાણ હાલતમાં રસ્તા પર પટકાઈ હતી. ઘટના બનતા જ આસપાસના રહીશો અને રાહદારીઓ તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને માનવતા દાખવી ઈજાગ્રસ્ત યુવતીને સારવાર અર્થે નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડી હતી, જ્યાં હાલ તેની સારવાર ચાલી રહી છે. બીજી તરફ, અકસ્માતની જાણ થતાં જ સમા પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે આ મામલે ટેન્કર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

શહેરમાં સતત વધતા જતા આવા અકસ્માતોને લઈને સ્થાનિક રહીશો અને નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, અને ભારે વાહનોની બેફામ ગતિ પર અંકુશ લાવવા માટે કડક પગલાં લેવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠી છે.

3 દિવસમાં નિરાકરણ નહીં આવે તો ABVPની આંદોલનની ચીમકી

# ઈન્ટર્નલ પરીક્ષાની તારીખ બદલવા અને સ્વચ્છતાના મુદ્દે ડીનને રજૂઆત

( પ્રતિનિધિ ) વડોદરા,તા.3

એમ.એસ. યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ આર્ટ્સમાં ઈન્ટરનલ પરીક્ષા અને સ્વચ્છતાના મુદ્દે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. કાર્યકર્તાઓએ સૂત્રોચ્ચાર સાથે આર્ટ્સ ફેકલ્ટીના ડીનને આવેદનપત્ર આપી તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી હતી. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના આગેવાનોએ રજૂઆત કરી હતી કે, પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓની ઈન્ટરનલ પરીક્ષા 8થી 15 ઓક્ટોબર દરમિયાન યોજાનાર છે. આ જ સમયગાળા દરમિયાન નવરાત્રીનો તહેવાર આવતો હોવાથી વિદ્યાર્થીઓને મુશ્કેલી પડશે. જેથી પરીક્ષાની તારીખ અંગે પુનર્વિચાર કરી સમયપત્રક ફરીથી નક્કી કરવા માંગ કરાઈ છે. બીજી તરફ આર્ટ્સ ફેકલ્ટીના ક્લાસરૂમ



અને વોશરૂમમાં ગંદકીનો પ્રશ્ન લાંબા સમયથી યથાવત છે. આ અંગે અનેક વખત રજૂઆત કરવા છતાં કાયમી ઉકેલ આવ્યો નથી.

વિદ્યાર્થીઓને સ્વચ્છ શૈક્ષણિક વાતાવરણ મળે તે માટે નિયમિત સફાઈની વ્યવસ્થા કરવા માંગ ઉઠાવાઈ છે. એબીવીપીએ ચીમકી ઉચ્ચારી હતી કે, આગામી ત્રણ દિવસમાં બંને મુદ્દે નિરાકરણ નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે.